RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-02
February -2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# સમાજમાં મહિલા પોલીસની આવશ્યકતા

Maheshkumar V. Chauhan

*Ph.D. Research Scholar, Department of Sociology, Sardar Patel University, Vallabh Vidyanagar, Gujarat (India)*
*(Author's Correspondence: maheshv18061991@gmail.com)*

પોલીસ એ લોકશાહી સમાજનો મહત્વપૂર્ણ સ્તંભ છે. આ સંગઠન સમાજમાં શાંતિ વ્યવસ્થા જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સમાજમાં સામાજિક પરિવર્તનના સાધન તરીકે અને સમાજમાં લોકશાહીના મૂલ્યોનો વિકાસ કરવામાં પણ આ સંગઠન ખૂબ મહત્વનુ છે. પોલીસ એ રાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખનાર મહત્વની સંસ્થા છે. તે સમાજમાં સ્થિરતા અને સુરક્ષા જાળવી રાખવાનું કામ કરે છે. પ્રાચીન વિચારધારા મુજબ મહિલા તથા પુરુષોના કાર્યના વિભાજન માટે તેમની શારીરિક ભિન્નતાને ધ્યાનમાં રાખવામાં આવે છે. આથી આ માન્યતા મુજબ મહિલાઓને પુરુષો કરતા અલગ અને નિમ્ન પ્રકારના કામો સોંપવામાં આવે છે. વધારે અઘરા તેમજ સંઘર્ષવાળા અને જેમાં વધારે શ્રમની જરૂર પડતી હોય તેવા કામો માત્ર પુરુષો માટે જ બન્યા છે, અને અમુક કાર્યો માત્ર સ્ત્રીઓ માટે જ બન્યા છે, જયારે અમુક કાર્યો એવા છે કે જેને મહિલાઓ તથા પુરુષો સાથે મળીને કરે છે. ભારતીય સંસ્કૃતિ મુજબ સ્ત્રીઓનું કાર્ય બાળકોને જન્મ આપવો અને તેમનું પાલન પોષણ કરવું એ છે. શારીરિક મહેનતને લગતા કાર્યો પુરુષો દ્વારા કરવામાં આવે છે. પરંતુ વર્તમાન સમયમાં મહિલાઓએ આ જૂની વિચારધારા બદલી નાંખી છે. ભારતમાં સ્વતંત્રતા બાદ સ્ત્રીઓની સ્થિતિમાં ક્રાંતિકારી પરિવર્તનો આવ્યા છે. તેમ છતાં અંતિમ એક શતાબ્દીથી જ સ્ત્રીઓની સ્થિતિમાં સુધાર લાવવા માટે મહત્વના પ્રયત્નો થતા રહ્યા છે. જેના કારણે સ્ત્રીઓની સામાજિક અને આર્થિક સ્થિતિમાં મહત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા છે. મહિલા વર્ષના આંકડાઓ દર્શાવે છે કે કોઈપણ ક્ષેત્રમાં મહિલાઓ પુરુષો કરતા ઉતરતી નથી. પ્રવર્તમાન યુગમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓનો પ્રવેશ થઈ ચૂકયો છે. ઉડાનનું ક્ષેત્ર હોય કે ચિકિત્સાનું ક્ષેત્ર, વિજ્ઞાનનું ક્ષેત્ર હોય કે એન્જિન્યરીંગ ક્ષેત્ર , તબીબી ક્ષેત્ર , રમતનું ક્ષેત્ર હોય કે પછી સાહિત્ય, ઉચ્ચ શિક્ષણ, કલા, વ્યવસાય વગેરેમાં  કોઈપણ ક્ષેત્ર એવું નથી કે જયાં મહિલાઓ પૂર્ણ વિશ્વાસ, લગન અને આસ્થા સાથે સફળતાપૂર્વક કાર્ય કરતી ન હોય. વર્તમાન સમયમાં મહિલાઓએ પોતાની અલગ છબી ઉભી કરી છે. તે પુરુષ સમોવડી બની છે. પ્રાચીન સમયમાં મહિલા અને પુરુષ વચ્ચેના કામો વચ્ચેની ભેદરેખા ઉભી કરવામાં આવી હતી તે પ્રવર્તમાન સમયમાં ઝાંખી થઈ રહી છે. અત: મહિલાઓ અત્યારે સંરક્ષણ ક્ષેત્રોમાં પણ પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહી છે. આ બધી બાબતોને આધારે પોલીસ સંગઠનો તેમજ સૈન્ય દળોમાં પણ મહિલાઓએ પોતે પ્રવેશ મેળવીને સાબિત કર્યું છે કે કોઈપણ પડકારજનક કાર્યોમાં અથવા રોમાંચકારી પરિસ્થિતિઓમાં અથવા સાહસપૂર્ણ ઘટનાઓમાં મહિલાઓ પોતાને સ્થાપિત કરી ચૂકી છે.

**મહિલા પોલીસ :**

વર્તમાન સમયમાં નારી પોતાના ખોવાયેલા સ્વાભિમાનને  પુન: પ્રાપ્ત કરવાના હેતુથી સતત સજાગ રહીને પ્રયત્નો કરતી રહી છે. મહિલાઓએ

RRIJM 2015, All Rights Reserved

કંડકટર, કારકુન, ઓફિસર, ઉદ્યોગપતિ, રાજકારણ, પાઈલોટ, અવકાશયાત્રી, પી.એસ.આઈ. વડાપ્રધાન વગેરે વિવિધ પદો સુધી પહોંચીને સ્ત્રી જાતિને ગૌરવ અપાવ્યું છે. મહિલાઓ સમાજમાં પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી પોતાને સાબિત કરવા માટે વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહી છે. સંરક્ષણ ક્ષેત્રે પોલીસ વિભાગમાં ઝંપલાવી મહિલાઓ પોતાના વિકાસ માટેની તકો મેળવવા લાગી છે. મહિલાઓએ ભારતીય પોલીસ વ્યવસ્થામાં પોતાનો તેમજ દેશનો વિકાસ શોધીને આગેકૂચ કરી છે. સામાન્ય લોકોના મનમાં પોલીસની છાપ સારી નથી પરંતુ મહિલા પોલીસની બાબતમાં આવી સ્થિતિ નથી. તેનું એક કારણ એ પણ છે કે તેઓ પોલીસ વિભાગમાં ઘણા ઓછા સમયથી જોડાયેલી છે. ઉપરાંત તેમનો સંપર્ક સામાન્ય માણસો સાથે એકદમ ઓછો છે. મહિલાઓને અપેક્ષા કરતા વધારે દયાળુ, સંવેદનશીલ અને બિનભ્રષ્ટાચારી માનવામાં આવે છે. ભારતીય પોલીસ વિભાગે સારી છાપ પ્રસ્થાપિત કરવામાં યોગ્ય પ્રકારની મહિલા પોલીસ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સમાજમાં પોલીસ વિભાગની છાપમાં સુધારો લાવવા માટે તેમજ એક સભ્ય સમાજની અવધારણામાં પોલીસ વિભાગને લાવવામાં મહિલા પોલીસ સારુ એવું યોગદાન આપી શકે છે.

રાષ્ટ્રીય પોલીસ આયોગે પોતાના રિપોર્ટમાં મહિલા પોલીસના વિષયમાં અનેક સમજણો આપી છે. પોલીસ સંશોધન કાર્ય, નગરક્ષેત્રમાં કિશોર અપરાધ રોકવા માટે, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, મજૂર વસ્તી, ઝુપડપટ્ટી તેમજ ગરીબોની વસ્તીમાં મહિલા પોલીસ દ્વારા તપાસ કરવામાં આવે છે. તે માત્ર અપરાધી બાળકો અને મહિલાઓની શોધ જ નથી કરતી પરંતુ લોકો સાથે સંપર્ક સાધે છે તેમજ મહિલા અને બાળ યાત્રિઓને માર્ગદર્શન પુરુ પાડે છે. યાતાયાત નિયંત્રણ માટે પણ મહિલા પોલીસ મહત્વની ભૂમિકા ભજવે છે. સ્કૂલ, બજાર, મેળા, તહેવાર તથા અન્ય એવી પરિસ્થિતિઓમાં જયાં મહિલાઓ મોટી સંખ્યામાં અવર જવર કરે છે. તેમજ મહિલા પ્રદર્શનકારીઓ સાથે નિપટવામાં મહિલા પોલીસ અત્યંત ઉપયોગી થઈ પડે છે. ડૉ. અનુપમ શર્મા, 'મહિલા પોલીસ પાસેથી અપેક્ષઓ' આ શીર્ષક હેઠળ કરેલા પોતાના પુસ્તકમાં મહિલા પોલીસની ભૂમિકા વિશે નોંધે છે કે, મહિલાઓની સમસ્યાઓને સમજવાની જેટલી ત્રેવડ મહિલા કર્મચારીઓમાં હોય છે તેટલી ત્રેવડ પુરુષોમાં હોતી નથી. પીડિત અને શોષિત મહિલાઓને યોગ્ય સ્વરૂપે જાણવાની ભૂમિકા માત્ર મહિલા પોલીસ કર્મચારીઓ જ સારી રીતે નિભાવી શકે છે. કારણ કે પુરુષ કર્મચારીની તુલનાએ મહિલા પોલીસ કર્મચારી વધારે સારી રીતે પીડિત તેમજ શોષિત મહિલાઓને માનસિક તેમજ ભાવાત્મક રૂપથી સહયોગ આપી શકે છે. મહિલાઓની સમસ્યાઓને યોગ્ય રીતે સમજીને તેમની સમસ્યાઓના નિવારણ માટે મહિલા કર્મચારીઓનો સહયોગ ખૂબ જ જરૂરી છે. તેઓ દર્શાવે છે કે મહિલાઓ વિશેની સમસ્યાઓને દૂર કરવા માટે ખાસ કરીને મહિલા પોલીસ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે. આ પોલીસ સ્ટેશનોમાં વિશેષ કરીને મહિલા કર્મચારીઓ જ હોય છે. ઉપરાંત મહિલા પોલીસ સ્ટેશનોમાં મહિલાઓ સંબંધિત સમસ્યાઓ આવે છે. આવી વિવિધ પ્રકારની સમસ્યાઓને દૂર કરવામાં મહિલા પોલીસ કર્મચારીઓ અગત્યની ભૂમિકા ભજવે છે

મહિલા પોલીસના કાર્યો :

વિશ્વના બધા જ દેશોના પોલીસ સંગઠનોમાં વિભિન્નતા જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય અપરાધ પોલીસ સંગઠનની જાહેરાત મુજબ મોટા ભાગના શહેરોમાં મહિલા પોલીસના કાર્યો આ મુજબ છે.

મોટા શહેરોમાં સડકો ઉપર વાહન વ્યવહારનું નિયંત્રણ કરવું તથા ચાલીને જનારા યાત્રીઓ અથવા શાળાએ જતા બાળકોને સહી સલામત સડક પાર કરવામાં મદદરૂપ થવું, મહિલા ગુનેગાર અથવા જેના પર શંકા હોય તેની પૂછપરછ કરવી તેમની ધરપકડ કરવી, ગુનાઓની તપાસ કરવી, યૌન સંબંધી ગુનાઓ, બળાત્કાર, સ્ત્રીઓનો અનૈતિક વેપાર વગેરેની તપાસ કરવી તેમજ તેને રોકવાનું કાર્ય, સંકટમાં હોય તેવી સ્ત્રીઓ તથા બાળકોની મદદ, સમાજ કલ્યાણના કામો, બાળકલ્યાણ, ખોવાયેલા અને દુર્વ્યવહારથી પિડિત બાળકોનું રક્ષણ કરવાનું કામ, બાળ અપરાધ સબંધી કાર્ય, પ્રદેશ બહારથી આવનાર પછી તે હવાઈ માર્ગેથી હોય કે પછી અન્ય સાધન દ્વારા આવ્યા હોય તેમના પર નજર રાખવી. ખાસ કરીને મહિલાયાત્રી પર, મહિલા કેદીઓની રખેવાળી કરવી, પોલીસની છાપ(છબી) સારી બનાવવા માટે જનસંપર્ક કરવો, પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રોમાં પ્રશિક્ષણ આપવું, ગુનાઓ રોકવામાં સહાયતા, માધ્યમિક શાળાઓમાં વ્યાખ્યાન આપવું ખાસ કરીને સડક પર સુરક્ષાની સલાહ આપવી, વિશેષ પ્રસંગોએ ભીડ નિયંત્રણ કરવી, કોઈ વિશેષ શાખાનું કામ તેમજ સુરક્ષા કાર્ય કરવું, ખૂબ મહત્વપૂર્ણ સ્ત્રીઓની સુરક્ષાનું કામ, નશાકારક દ્રવ્યોના નિષેધ સંબંધી કાર્યો, યાંત્રિક પરીક્ષણ કાર્ય, પોલીસની ગાડી ચલાવવાનું કામ વગેરે વિવિધ કાર્યો મહિલા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

મહિલા પોલીસના દરેક કામો દરેક ક્ષેત્રે એક સમાજસેવિકાને મળતા જણાય છે. ત્યારે મહિલા અધિકારીઓ અને કર્મચારીઓના મનમાં સદાય એવી ભાવના રહે છે કે તેમને રોમાંચકારી કાર્યો કરવાના ઘણા ઓછા અવસરો મળે છે. સામાજિક વિધાન અંતર્ગત પોલીસમાં મહિલાઓ માટે નિર્ધારિત કાર્યક્રમોને હજુ સુધી પૂર્ણપણે વ્યવહારમાં લાવી શકાયા નથી. વર્તમાન સમયમાં મહિલા કર્મચારીઓએ પોતાના પુરુષ કર્મચારીઓ સમકક્ષ કામ કરવું પડે છે. વર્તમાનમાં કેટલાક કામો એવા છે જેને મહિલા પોલીસની સહાયતાથી જ સંતોષકારક રીતે કરી શકાય છે.

**મહિલા પોલીસની આવશ્યકતા:**

રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલન તેમજ તે પછી મહિલા પોલીસની આવશ્યકતા ભારતમાં નિમ્નલિખિત ચાર કારણોથી ઉત્પન્ન થઈ છે જે નીચે મુજબ છે.

- દેશના વિભાજનના ફળ સ્વરૂપે ઘણી મોટી સંખ્યામાં પરદેશી શરણાર્થીઓ પાકિસ્તાનથી ભારત આવ્યા. આ બધાં શરણાર્થીઓ ધર્મને કારણે ઉભા થયેલા ઝઘડાઓથી પીડિત હતા. તેમાં ખૂબ મોટી સંખ્યામાં દુ:ખથી પીડિત અને માનસિકરૂપે પીડિત મહિલાઓ હતી. જે પ્રધાનમંત્રીને પોતાની સમસ્યાઓને લઈને મળવા માટે આતુર રહેતી હતી. આ સમયે સુરક્ષા અને સતર્કતાના કારણોને લીધે મહિલા પોલીસની આવશ્યકતા જણાઈ હતી. જોકે ત્યાં સુધી પોલીસ સંસ્થા એ માત્ર પુરુષોના પ્રભુત્વવાળી સંસ્થા હતી.
- આધુનિક સમયમાં રાજ્યમાં શાંતિ વ્યવસ્થા જાળવી રાખવી એ ખૂબ જ આવશ્યક છે. કોઈપણ વ્યવસ્થાની સફળતાની આ પહેલી શરત છે. આજના વૈજ્ઞાનિક યુગમાં, શહેરીકરણ, ઔદ્યોગીકરણ, વસ્તી વધારો, સામાજિક ગતિશીલતામાં થતુ પરિવર્તન વગેરે બાબતો શાંતિ વ્યવસ્થાની જાળવણીમાં અવરોધક બને છે. આથી શાંતિ જાળવવાનું કાર્ય વધુને વધુ કઠિન બની રહ્યું છે. ઉપરાંત સમાજમાં સામાજિક તનાવોને

RRIJM 2015, All Rights Reserved

કારણે સાર્વજનિક વ્યવસ્થા બગડવાનો તેમજ સમાજમાં હિંસાત્મક વાતાવરણ ઊભું થવાનો ડર કાયમ રહે છે. આવી પરિસ્થિતિમાં ગુનાઓને રોકવા માટે અને કાયદાકીય વ્યવસ્થા જાળવી રાખવા માટેની મોટાભાગની જવાબદારી પોલીસ પર આવી જાય છે.

- સ્વતંત્રતા બાદ એક મોટા પ્રમાણમાં લોકો કામ અને આશ્રયની શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતરણ અને ખૂબ તીવ્ર ઝડપથી બદલાતી દેશની સામાજિક આર્થિક દશાઓએ પોલીસને નવી દિશાઓમાં વિચારવા પર મજબૂર કરી દીધી. દેશના કેટલાક ભાગો અને રાજયોમાં રાજનૈતિક વિદ્રોહ, હડતાલ, જેવી બાબતો રોજ બનતી હતી. આ બધા આંદોલનોમાં મહિલાઓની ભાગીદારી દિનપ્રતિદિન વધતી જતી હતી. જે કાયદાકીય વ્યવસ્થા જાળવી રાખનારી સંસ્થાઓ માટે રોજ નવી સમસ્યાઓ ઉભી કરતી હતી. આથી મહિલા આંદોલનકારી મહિલાઓને વિશિષ્ટ પરિસ્થિતિઓમાં સંભાળવાની આવશ્યકતા હતી.
- સ્વતંત્રતા માટે રાષ્ટ્રીય આંદોલનોમાં જે મહિલાઓ સત્યાગ્રહ કે અન્ય આંદોલનોમાં ભાગ લેતી હતી, તે સમયે જયારે તેમને પુરુષ પોલીસ કર્મચારી દ્વારા હાથ લગાવવામાં આવતો હતો ત્યારે રાષ્ટ્રીય નેતાઓ આ માટે વિરોધ દર્શાવતા હતા. આવી પરિસ્થિતિઓમાં જયારે પોલીસને મહિલા આંદોલનકારીઓ સામે નમવું પડતું હતું ત્યારે મહિલા પોલીસ દ્વારા આવી મહિલા આંદોલનકારીઓ ને સમજાવવામાં અને અટકાવવામાં આવે તો તે વિશેષ લાભદાયક સાબિત થાય તેમ હતું આથી મહિલા પોલીસની જરૂરિયાત જણાઈ.

સ્વતંત્રતા ઉપરાંત ભારત સરકારે કેટલાક સામાજિક કાયદાઓ બનાવ્યા છે. જેવા કે બાળ અધિનિયમ, અશ્પૃશ્યતા અધિનિયમ, વગેરે, સાથે જ સમાજમાં નબળા વર્ગો માટે જેમાં બાળકો અને મહિલાઓ સમાવિષ્ટ છે તેમના માટે વિભિન્ન નિયમો પસાર કર્યા છે. આવી વિશેષ પરિસ્થિતિઓ અને મુશ્કેલીઓનો સામનો કરવા માટે તેમજ મહિલાઓ અને બાળકોના હિતોના રક્ષણ માટે કાર્યવાહી કરવા માટે પોલીસ પ્રસાશનમાં મહિલા પોલીસની આવશ્યકતા ખૂબ જ જણાવા લાગી છે. આજે સમાજમાં મહિલા પોલીસની વિશિષ્ટ ભૂમિકા બની રહી છે. બાળ અધિનિયમ, મહિલા અને બાળકોની સાથે અનૈતિક વ્યવહાર, ભિક્ષુક અધિનિયમ અને નબળા વર્ગો માટે બનાવાયેલા વિભિન્ન અધિનિયમોને ક્રિયાશીલ કરવા અને સંદિગ્ધ મહિલા અપરાધીઓની નારી મર્યાદાઓને જાળવી રાખવા માટે દેશમાં જ નહી પરંતુ સમસ્ત વિશ્વમાં મહિલા પોલીસની જરૂરીયાત જ નહી પણ અનિવાર્યતા ઉભી થઈ પડી છે. વિશ્વના સમસ્ત પ્રગતિશીલ દેશોમાં મહિલા પોલીસ કાર્યરત છે. ૧૮૪૫માં ન્યુયોર્ક શહેરમાં વિશ્વમાં પ્રથમ મહિલા પોલીસની ભરતી કરવામાં આવી હતી. ભારતમાં સૌ પ્રથમ ૧૯૩૯માં કાનપુર નગરમાં ૧૨ મહિલાઓને પોલીસમાં ભરતી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પોલીસ આયોગ(૧૯૭૯)ને મહિલા પોલીસની આવશ્યકતા જણાઈ અને પોલીસમાં મહિલાઓની ભરતી કરવા વિનંતી કરી. આજે દેશના લગભગ બધા જ પ્રદેશોમાં મહિલા પોલીસ કોઈને કોઈ રૂપે જોવા મળે છે.

આર્થિક પરિસ્થિતિઓના કારણે મહિલાઓને કામની શોધમાં ઘરની ચાર દિવાલોની બહાર જવા

માટે મજબૂર થવું પડયું ઘણી બધી બાળકીઓ તેમજ મહિલાઓ બહારની દુનિયામાં અસુરક્ષા અનુભવવા લાગી. આથી તેમની સુરક્ષા માટે મહિલા પોલીસની આવશ્યકતા જણાઈ હતી. થોડા સમય પહેલા અપરાધના ક્ષેત્રમાં મહિલાઓની સંખ્યા નગણ્ય હતી. પરંતુ વર્તમાન સમયમાં ગુનાઓની દુનિયામાં મહિલાઓની સંખ્યા વધવા લાગી છે આથી તેમને પકડવા માટે તેમજ અપરાધ સબંધિત અન્ય કામગીરી કરવા માટે મહિલા પોલીસની જરૂરીયાત પેદા થઈ છે. મહિલા અપરાધીઓને પુરુષ પોલીસ દ્વારા પકડવામાં આવે તો ઘણા પ્રકારની સમસ્યાઓ પેદા થતી હોય છે. આથી જો મહિલા અપરાધીઓને મહિલા પોલીસ દ્વારા જ પકડવામાં આવે તો કોઈ સમસ્યા ઉભી થાય નહી. આ સંદર્ભે મહિલા પોલીસ મહત્વની સાબિત થઈ છે. નિ:સંદેહ આજે સમાજમાં મહિલા પોલીસની આવશ્યકતા છે અને તે વર્તમાન સમાજની તાતી જરૂરીયાત છે.

## સંદર્ભ સાહિત્ય


1. Aleem, Shamin(1991), Women Police and Social Chang, Ashish Publishing House, New Delhi.
2. Mathur K. M(1994) Indian Police-Role and Challenges, Gyan Publishing House, New Delhi.
3. Vishnoi, O.R.S. (1999) Women Police in India, Aravali, New Delhi, India.
4. डॉ.श्रीमति अनुपम शर्मा(२०१२), महिला पुलिस से अपेक्षाएँ, पुलिस अनुसंधान एवं विकास ब्यूरो, गृहमंत्रालय, नई दिल्ली.
5. भूषण पी.एस.(१९९८), पुलिस और समाज, मनीषा पब्लिकेशन, नई दिल्ली.
6. तजेना पुष्पलता(१९९७), भारतीय प्रजातन्त्र और पुलिस,सामयिक प्रकाशन, नई दिल्ली.
7. ધ ટાઇમ્સ ઓફ ઈન્ડિયા, 30 માર્ચ 1993, મહિલાઓ કે પ્રકરણ કો મહિલા પોલીસ દેખેંગી.
8. પ્રો.રમેશ એચ.મકવાણા (2009), 21મી સદીમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
9. કિરણ બેદી(અનુવાદ સુધા મેહતા)(2012), ભારતીય પોલીસ: મારી દૃષ્ટિએ, આર.આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., અમદાવાદ.


RRIJM 2015, All Rights Reserved 